**પ્લમ્બર લાયસન્સ હોલ્ડર તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજીસ્ટ્રેશન / રીન્યુઅલ અંગેના સુધારેલ નિયમો(મ્યુ.જનરલ બોર્ડ ઠરાવ નં. ૪૩૦ તા.૨૮/૦૬/૨૦૧૩ મુજબ)**

| અ.નં. | વિગત | નવી અમલમાં આવેલ નીતિ મુજબ |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક લાયકાત | ૧. ડીપ્લોમા સીવીલ એન્જિનીયર અને ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ<br>અથવા<br>૨. સરકાર માન્ય આઇ.ટી.આઇ. માં સર્ટીફાઇડ પ્લમ્બીગ કોર્સ અને ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ<br>અથવા<br>૩. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલ પ્લમ્બીગની પરીક્ષા પાસ |
| ૨ | રજીસ્ટ્રેશન ફી | રૂા. ૧૦૦૦૦/- |
| ૩ | રીન્યુઅલ ફી | રૂા. ૧૫૦૦/- |

**અન્ય નિયમોઃ**

ઉપરોકત પ્રથમ વખતનું રજીસ્ટ્રેશન જે તે વર્ષના ૩૧ માર્ચ સુધી જ માન્ય ગણવામાં આવશે અને ત્યારબાદ દર વર્ષની એપ્રિલ થી જુન માસ દરમ્યાન સદર લાયસન્સ રીન્યુ કરાવવાનુ રહેશે અને ત્યાર બાદ તે લાયસન્સ રદ ગણવામાં આવશે.

- જે તે મકાનને ટી.ડી.ઓ. ખાતા મારફતે બી.યુ. પરમીશન મળ્યા બાદ લાયસન્સ્ડ પ્લમ્બરે નીતિ નિયમ મુજબના પ્લમ્બીગના ફોર્મ રજૂ કરાવી નિયત ડ્રેનેજ તથા પાણી કનેકશનના નાણાં ભરાવી કનેકશન આપવાની કામગીરી કરવાની રહેશે.
- દરેક લાયસન્સ હોલ્ડરે મંજુર થયેલ નકશા મુજબ કામગીરી કરવાની રહેશે અને મંજુરી વગર કરેલાં સઘળા કામની જવાબદારી લાયસન્સ્ડ પ્લમ્બરની રહેશે.
- લાયસન્સ હોલ્ડર અમે તેઓના અસીલ વચ્ચે કોઇપણ જાતની લેણદેણ અંગે મ્યુનિ.કોર્પોરેશનની જવાબદારી રહેશે નહિ.
- લાયસન્સ્ડ પ્લમ્બર દ્વારા કામ કરતી વખતે મ્યુ.રસ્તા, ડ્રેનેજ લાઇન, પાણીની લાઇન તથા વીજળીના દોરડાને અથવા મ્યુ.મિલ્કતને નુકસાન થશે તો સીટી એન્જિનીયર ઠરાવે તે મુજબનું નુકસાનનું વળતર ભરવુ પડશે.
- લાયસન્સ ધરાવનાર પ્લમ્બર એડીશનલ સીટી એન્જિનીયરના નિયંત્રણ હેઠળની કચેરીના અધિકારી જે સૂચના કે માર્ગદર્શન આપે તેનો અમલ કરવા તેઓ બંધાયેલા રહેશે.

- લાયસન્સ ધરાવનાર પ્લમ્બરે પોતે રાખેલ કામ સૂચિતદરકાર અને સાવચેતીથી બનતી ત્વરાએ કાર્યક્ષમ રીતે સંતોષકારક થાય તે રીતે કરવુ પડશે અને આજુબાજુની જાહેરજનતાને કે વાહનવ્યવહારને અવરોધ ન થાય તે રીતે ખાસ ધ્યાન રાખવું પડશે.
- લાયસન્સ ધરાવનાર પ્લમ્બર દ્વારા જો કોઇ નિયમનો ભંગ કરવામાં આવશે તો તેનું લાયસન્સ સીટી એન્જિનીયરશ્રી (વો.રી.મે.) ની મંજુરીને આધિન રદ થવાને પાત્ર રહેશે જે અંગે તેઓએ ભરેલ ફી માં કોઇ વળતર આપવામાં આવશે નહિ અને તેઓ ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી નવું રજીસ્ટ્રેશન આપવામાં આવશે નહિ અને ત્યારબાદ તેઓએ નવેસરથી રજીસ્ટ્રેશનની ફી ભરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

ઉપર મુજબની પ્લમબીંગ લાયસન્સના રજીસ્ટ્રેશન તથા રીન્યુઅલની મંજુરીની સત્તા ફકત સીટી એન્જિનીયરની રહેશે અને સર્ટીફિકેટ ઇસ્યુ તથા મંજુરી અંગેની આનુષંગિક કાર્યવાહી ફકત સીટી એન્જિનીયરની કચેરી મારફતે કરવાની રહેશે.

**અગાઉ જે લોકો લાયસન્સ ધરાવે છે તેઓ માટે નીચે પ્રમાણે અનુસરવાનું રહેશે.**

ઉપર મુજબ પ્લમ્બર લાયસન્સ અંગે નવી નીતિ અમલમાં આવેથી જુના તમામ લાયસન્સ રદબાતલ ગણવાના રહેશે અને તેઓએ પણ નવી નીતિ મુજબ નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.